શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ હરિયાળા - (ખેડા)નું મુખપત્ર

# પરબ્રહ્મવિદ્યા

અંક : ૧૧-૧૨, વર્ષ : ૭, નવે.-ડિસેમ્બર - ૨૦૧૯

## વિશેષાંક






શ્રી વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ
તા. ૦૬ થી ૧૨ નવેમ્બર ૨૦૧૯
મહોત્સવનો ભવ્ય પ્રવેશદ્વાર


ગઢપુર ધામ
શ્રીહરિજીએ પ્રબોધિત કરેલાં વચનામૃત સ્થાનો


અમદાવાદ ધામ


વડતાલ ધામ


કારિયાણી
સારંગપુર


લોયા
પંચાળા



શ્રી સ્વામિનારાયણ મંદિર કુંડળધામ નિર્મિત ૧૯ લાખના સૂકામેવાના હારથી દેવો શણગાર





દિવ્ય રોશનીથી શોભતું વડતાલધામ

# શ્રી સ્વામિનારાયણ સત્સંગ સમૂહ શિબિર
## વડતાલ ધામ



પ.પૂ.સદ્.શ્રી મોહનપ્રસાદદાસજી સ્વામી-ધોરાજી



પ.પૂ.સદ્.શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી-લોયાધામ






પ.પૂ.સદ્.શ્રી જ્ઞાનજીવનદાસજી સ્વામી-કુંડળધામ



પ.પૂ.સદ્.શ્રી નીલકંઠચરણદાસજી સ્વામી-જેતપુર



પ.પૂ.સદ્.શ્રી ભક્તિજીવનદાસજી સ્વામી-હરિયાળા



પ.પૂ.સદ્.શ્રી રામકૃષ્ણદાસજી સ્વામી-ધ્રાંગધ્રાં



પ.પૂ.સદ્.શ્રી ભક્તિસંભવદાસજી સ્વામી-અમરેલી



પ.પૂ.સદ્.શ્રી પ્રભુચરણદાસજી સ્વામી-વેડરોડ,સુરત



પ.પૂ.સદ્.શ્રી હરિપ્રિયદાસજી સ્વામી-વેલંજા,સુરત



પ.પૂ.સદ્.શ્રી સંતદાસજી સ્વામી-આટકોટ

વડતાલધામને આંગણે સર્વ પ્રથમવાર ૧૦ મંડળોની શ્રી સ્વામિનારાયણ સત્સંગ સમૂહ શિબિર તા. ૨૬-૧૦-૧૯ થી તા, ૦૧-૧૧-૨૦૧૯ સુધી યોજાયેલી હતી. આ દિવ્ય શિબિરમાં પ.પૂ.સદ્.શ્રી જ્ઞાનજીવનદાસજી સ્વામીએ સવારે **"આજ મારે ઓરડે રે"** અને સાંજે **"શ્રીહરિકૃષ્ણચરિત્રામૃત સાગર ગ્રંથ"** ની કથા કરી હતી. આ શિબિરમાં સવારની દિવ્ય પ્રભાતફેરી, સદ્‌ગુરુ સંતોના આશીર્વાદ, પ્રેઝન્ટેશન, બાલ-બાલિકા શિબિર, દિવ્ય દિપોત્સવ, ભાવભીની ભેટણલીલા, દિવ્ય લહાણી વગેરે દ્વારા સંતો-ભક્તોને મહોત્સવ પૂર્વે ખૂબ જ અંતરનું સુખ આવ્યું હતું.

# પરબ્રહ્મવિદ્યા

વર્ષ : ૭ ● અંક :૧૧-૧૨ ● નવેમ્બર/ડિસેમ્બર

દર માસની ૧૫મીએ પ્રગટ થતો અંક

**-: સંસ્થાપકશ્રી :-**

પ.પૂ.સ.ગુ. પુરાણી શ્રી અક્ષરજીવનદાસજી સ્વામી

**તંત્રીશ્રી** : સા.શ્રીજીપ્રિયદાસજી

**સહ તંત્રીશ્રી** : મધૂસુદન એમ. પટેલ (એડવોકેટ)

**સંપાદક મંડળ**:સા. ઋષિકેશદાસજી

સા. વિવેકસ્વરૂપદાસજી

**મુદ્રક** : હરિકૃષ્ણ ગ્રાફિકસ, અમદાવાદ.

પંચવાર્ષિક લવાજમ : ₹ ૨૦૦/-

આજીવન (૨૫ વર્ષ) લવાજમ : ₹ ૬૦૦/-

વિદેશમાં લવાજમ : ₹ ૬૦૦૦/-

**પ્રકાશક સ્થળ તથા પત્ર વ્યવહાર**

પરબ્રહ્મવિદ્યા - કાર્યાલય

શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ હરિયાળા - ખેડા

ને.હા.નં-૮, વાત્રક બ્રિજની બાજુમાં -૩૮૭૫૭૦.

ફો. ૦૨૬૯૪ - ૨૨૪૮૦૧, મો. ૯૨૨૭૬ ૦૦૭૯૧

Email : sghariyala@gmail.com

**-: પ્રકાશક - મુદ્રક અને માલિક :-**

પ.પૂ.સ.ગુ. શા. સ્વામી શ્રી ભક્તિજીવનદાસજી


## અનુક્રમણિકા


૦૧. મહોત્સવની પૂર્વભૂમિકા........................................૦૬

૦૨. ભવ્ય શોભાયાત્રા અને ઉદ્‌ઘાટન........................................૦૭

૦૩. વચનામૃત કથા........................................૦૯

૦૪. સંહિતાપાઠી સંતો-ભક્તો અને પધારેલા સમગ્ર સંપ્રદાયના સંતો.............૧૦

૦૫. પૂજ્યપાદ મહારાજશ્રીના આશિષ ........................................૧૧

૦૬. દિવ્ય સંત સંમેલન અને ''આજ મારે ઓરડે રે'' વિમોચન..................૧૨

૦૭. વચનામૃત ભાવદર્શન અને વચનામૃત ફિલ્મ........................................૧૪

૦૮. વિરાટ વચનામૃત અને અખંડધૂન........................................૧૫

૦૯. ૨૦૦ કુંડી મહાવિષ્ણુયાગ અને હરિભક્ત ઉતારા દર્શન ....................૧૬

૧૦. વચનામૃતના સંપાદક સદ્‌ગુરુઓનું ભાવપૂજન અને વચનામૃત ભોજનાલય...૧૭

૧૧. ટાઈટેનિયમ વચનામૃતનો અભૂતપૂર્વ અભિષેક અને લાઈટ અને સાઉન્ડ શો..૧૮

૧૨. વચનામૃતની સુવર્ણતુલા અને રજતતુલા તથા મહાનુભાવો ....................૧૯

૧૩. આરોગ્યલક્ષી કેમ્પો તથા રાત્રિ કાર્યક્રમ........................................૨૦












## વડતાલધામ આયોજિત શ્રી વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવની

# પૂર્વભૂમિકા અને ભવ્યતા



મહોત્સવ ઉદ્‌ઘોષણા

સંવત ૨૦૭૫માં વડતાલ ધામમાં ગત વર્ષે ઉજવાયેલ કાર્તિકી સમૈયામાં પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજ તથા સદ્‌ગુરુ સંતો દ્વારા સંવત ૨૦૭૬ના કાર્તિકી સમૈયાને ''શ્રી વચનામૃત દ્વિશતાબ્દી મહામહોત્સવ'' રૂપે અતિ ભવ્યતાથી સમગ્ર દક્ષિણ દેશના સંતો-ભક્તો સાથે મળી ઉજવવાની ઉદ્‌ઘોષણા કરવામાં આવી.

આ મહોત્સવ ૨૦૦ ઉપરાંત ખેડૂત ભક્તોની ૩૦૦ એકર જમીનમાં પથરાયો વિરાટ વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ. આ મહોત્સવના ૨૫ ઉપરાંત વિભાગોમાં ૮૦ સમિતિઓની જવાબદારી ૨૦૦ સંતો અને ૧૫૦૦૦ સ્વયંસેવક ભક્તોએ સંભાળી હતી.



વિરાટ સત્સંગ મહાસમેલન

આ દિવ્ય મહોત્સવનું આમંત્રણ આપવા પૂ. આચાર્ય મહારાજશ્રી અને સંતોએ અમેરિકા, લંડન, આફ્રિકા આદિક ૧૫ ઉપરાંત દેશોમાં વિચરણ કર્યું.

પ.પૂ.સદ્. શ્રી જ્ઞાનજીવનદાસજી સ્વામી - કુંડળધામના વક્તાપદે વડતાલધામ આયોજિત સુરત - મૂર્તિબાગ, વડતાલધામ, રાજકોટ, બોટાદ, ખંભાત, વડોદરા, ભાવનગર, મુંબઈ, સાવરકુંડલા, ગઢપુરધામ, જૂનાગઢ, અમદાવાદ, છારોડી, અમરેલી, નડિયાદ, વડતાલધામ, ધ્રાંગધ્રા, ઉમરેઠ, ધોલેરા, સારંગપુર અને વેડરોડ સુરત વગેરે ૨૦ જેટલા વિરાટ સત્સંગ સંમેલનો દ્વારા આજના જમાના પ્રમાણે પ્રસિદ્ધ ગાયકો દ્વારા ૨૦ આમંત્રણ ટાઈટલ સોંગ બનાવીને લાખો ભક્તોને આમંત્રણ આપવામાં આવ્યું. ૧૪૬થી વધુ રાજકીય, સામાજિક, શ્રેષ્ઠીઓ તથા પત્રકારો દ્વારા સોશિયલ મિડીયા દ્વારા આમંત્રણ આપવામાં આવ્યું.




વિદેશ વિચરણ

વડતાલધામમાં મહોત્સવ પૂર્વે દેશના નામાંકીત યુનિવર્સિટીના ચાન્સેલરો, વિદ્વાનો અને પત્રકારો દ્વારા સંગોષ્ઠી સેમિનાર યોજાયો. વડતાલમાં દેશના ૧૬ ૩થી વધુ કલાકારો દ્વારા કલા સેમિનાર યોજાયો.

- ગુજરાતના ૭૦૦થી વધુ ગામોમાં ''વચનામૃત રથ'' સંતો-ભક્તોએ ફેરવીને વચનામૃતનું પૂજન-અર્ચન અને આરતી કરીને લાખો ભક્તોને મહોત્સવનું આમંત્રણ આપવામાં આવ્યું.
- વડતાલમાં દર પૂનમે વિવિધ સદ્‌ગુરુ સંતો દ્વારા ૧૧ જેટલા વચનામૃત પર્વ યોજવામાં આવ્યા.
- ૨૫૦૦૦ મોટી પત્રિકાઓ, ૨.૫ લાખ નાની પત્રિકાઓ તથા ૩.૫ લાખથી વધુ પેમ્પલેટનું વિતરણ કરવામાં આવ્યું હતું.
- ગોમતી કિનારે ૭૦ ફૂટ ઊંચા વિજયધ્વજનું આરોહણ કરવામાં આવ્યું હતું. વડતાલદેશના સંતો દ્વારા અનેક શહેરો અને ગામડાઓમાં સ્વચ્છતા અભિયાન ચલાવવામાં આવ્યું હતું.



સ્વચ્છતા અભિયાન

## મહોત્સવ પૂર્વે ભજન-ભક્તિ


વચનામૃત રથ



- ૨૦૦ ઉપરાંત શહેર-ગામોમાં ૧.૫૦ લાખ ઉપરાંત વચનામૃતના પાઠ
- ૫૦૦૦ ઉપરાંત જનમંગલ દ્વારા વચનામૃત પૂજન
- ૨૦૦૦ ભક્તો દ્વારા વચનામૃત સ્થળોની યાત્રા
- ૧૦૦૦ ઉપરાંત ભક્તો દ્વારા વચનામૃત કંઠસ્થ
- ૧૦૦ ઉપરાંત વચનામૃતના વિવિધ યજ્ઞો થયા.
- ૨૧૦૦ કલાક ઉપરાંત વિવિધ મંડળો દ્વારા શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ધૂન
- ૧૧ મહિના સુધી દરરોજ વડતાલમાં ૧૧૫ વચનામૃત ગાન સાથે યજ્ઞમાં આહુતિ
- વડતાલમાં સ.ગુ. ગોપાળાનંદ સ્વામીના આસને ૧૨ મહિના સુધી ૧૪૦ વચનામૃતના પાઠ
- ૩૫૧ ઉપરાંત વચનામૃત વ્યાખ્યાનમાળા-કથા થઈ.
- ૧૦૯૦૬ હરિભક્તોએ વચનામૃત ઓપન ક્વીઝ એક્ઝામ આપી.
- ૧૦૫ હરિભક્તોએ સંપૂર્ણ વચનામૃત હાથે લખ્યા.
- લાખોની સંખ્યામાં સંતો-ભક્તોએ દંડવત-પ્રદક્ષિણા, માળા, મંત્રજાપ, મંત્રલેખન વગેરે અર્પણ કર્યું.


રાષ્ટ્રીય સંઘગોષ્ઠી

આ મહોત્સવ પૂર્વે સંતોની સામૂહિક મિટીંગો તથા આજુબાજુના ગામોના સરપંચ અને પ્રતિષ્ઠિત વ્યક્તિઓની વડતાલધામ ખાતે ‘‘સહાનુભૂતિ સભા’’ યોજાઈ હતી.


વિજય થંભ સ્થાપન

આ મહોત્સવની પૂર્વ તૈયારી માટે તા. ૨૫-૦૯-૨૦૧૯થી મહોત્સવ પૂર્ણ થયો ત્યાં સુધી પ.પૂ.સદ્. શ્રી જ્ઞાનજીવનદાસજી સ્વામીએ પોતાના અનેક સંતો-ભક્તો સાથે વડતાલ પધારીને સવાર-સાંજ કથાવાર્તાના દિવ્ય અખાડા દ્વારા નંદકાળની સ્મૃતિ કરાવી તથા સમગ્ર વડતાલ ધામ પરિસર અને ગામની સાફ-સફાઈ કરી. કુંડળધામના સંતો-ભક્તોએ સભામંડપ અને ન્યાલકરણ રસોડાની જવાબદારી સંભાળી.

રાજકોટ ગુરુકુલના સંતો ભક્તોએ ભવ્ય પ્રદર્શનની સેવા સંભાળી. કલાકુંજ - સુરતના સંતો-ભક્તોએ સંપૂર્ણ ઉતારા વિભાગની જવાબદારી સંભાળી, પ.પૂ. નૌતમપ્રકાશદાસજી સ્વામીએ સમગ્ર મહોત્સવ અને વડતાલ ગામ, રસ્તાઓ સાફ-સફાઈની જવાબદારી સંભાળી. વેડરોડ-સુરત, ધ્રાંગધ્રા, પૂ. ગોવિંદસ્વામી - વડતાલ, મુનિવલ્લભસ્વામી - વડતાલ વગેરેએ રસોડાની સેવા સંભાળી. આ ઉપરાંત કુબેરનગર, લોયાધામ, રાણપૂર, હરિયાળા, અમરેલી, આટકોટ, અમરોલી, પીજ, વડતાલધામના સંતો, જ્ઞાનબાગ - ભગતજી વગેરે સંતો ભક્તોએ એક જ મંડળના હોય તેમ એકબીજા પ્રત્યે ભાવ-પ્રેમ રાખીને આ મહોત્સવની સેવામાં જોડાયા હતા.

# ભવ્ય શોભાયાત્રા







શ્રી વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવની શોભાયાત્રા - પોથીયાત્રા તા. ૦૫-૧૧-૨૦૧૯ના બપોર પછી કરવામાં આવી હતી. જોળ ગામથી નીકળેલ આ શોભાયાત્રા ૪ કિમી લાંબી હતી. તેમાં પૂ. આચાર્યમહારાજ, ૫૦૦ થી વધુ સંતો, ૨૫૦૦૦ થી વધુ હરિભક્તો જોડાયા. ૨- ગજરાજ, ૩-બગી, ૨૧- કાઠીયાવાડી અશ્વો, ૫૦ ઉપરાંત શણગારેલા વિવિધ ફ્લોટોમાં જળબચાવો, બેટી બચાવો-બેટી પઢાવો, ટ્રાફિક કંટ્રોલ, વૃક્ષ એ જ જીવન વગરે સામાજીક જાગૃતિ લાવનાર ફ્લોટો, આફ્રિકન - જંબુરો નૃત્ય, મહારાષ્ટ્ર, પંજાબ, રાજસ્થાન, ગુજરાત આદિવાસી વગેરેના લોકનૃત્યો તથા ઈન્સ્ટન્ટ રંગોળી, નાસિક બેન્ડ, વિવિધ પ્રકારના ઢોલના તાલે અનેક ભજન મંડળીઓ તથા ૧૦૦૦ ઉપરાંત મહિલા ભક્તોએ વચનામૃતની પોથી મસ્તક પર ધારણ કરી ૭:૩૦ કલાકે શોભાયાત્રા ગોમતી કાંઠે મહોત્સવ સ્થળે પહોંચી હતી. ત્યાં ભવ્યતાતિ ભવ્ય રીતે મહોત્સવનું ઉદ્‌ઘાટન થયું .

# સભામંડપ

પવિત્ર ગોમતીજી કિનારે ૬.૫ લાખ સ્કે. ફૂટમાં વિશાળ સભામંડપ જેમાં ૨૧૫ x ૧૧૫નું ભવ્ય સાત સ્ટેપવાળુ સ્ટેજ હતું. તેમાં ૧૦૮ ઉપરાંત મૂર્તિઓ દ્વારા શ્રીહરિએ જે સાત સ્થાનમાં વચનામૃત પ્રબોધ્યા તેની પ્રતિકૃતિ.

એક સાથે ૪૦,૦૦૦ ભક્તો બેસી શકે તેવી ખુરશી અને સોફાની વ્યવસ્થા. સભામંડપમાં ૨૦૦ વચનામૃતનું સંતો-ભક્તો દ્વારા સંહિતાપાઠ. આ મહોત્સવમાં ૧૭૦૦ ઉપરાંત સંતો, પાર્ષદો અને ૫૦૦ ઉપરાંત સાંખ્યયોગી માતાઓ પધાર્યા હતા. કુંડળ ધામના ૪૦૦ ઉપરાંત સ્વયંસેવકોએ આ સેવા સંભાળી હતી.

## મહોત્સવનું એવમ્ સભામંડપ ઉદ્‌ઘાટન









# વચનામૃત કથા






પ.પૂ.સદ્.શ્રી જ્ઞાનજીવનદાસજી સ્વામી-કુંડળ

ભારતીય સંસ્કૃતિના તમામ શાસ્ત્રોનો સાર એટલે વચનામૃત. શ્રીહરિજીના વચનામૃતમાં સમગ્ર શાસ્ત્રનું રહસ્ય સમજાવેલ છે. અધ્યાત્મપથના મુમુક્ષુ માટે આ પૃથ્વી પરનું સર્વોત્તમ શાસ્ત્ર છે. આ દિવ્ય વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવમાં પ.પૂ.સદ્. શ્રી જ્ઞાનજીવનદાસજી સ્વામીએ વચનામૃતના મુખ્ય વિષયો આત્મજ્ઞાન, ઉપાસના, માહાત્મ્ય જ્ઞાન, દાસત્વ, સંતસમાગમ વગેરે વિષયો પર સુંદર છણાવટ કરીને હરિભક્તોને સત્સંગની શુધ્ધ સમજણનું જ્ઞાન પીરસ્યું હતું.

મુમુક્ષુમાંથી મુક્ત થવાની સ્થિતિની સુંદર વાતો સદ્‌ગુરુ સંતોએ સહવક્તાપદે અને વ્યાખ્યાનમાળાની પીઠથી ધ્રાંગધ્રા, ફરેણી, વડતાલ, તરવડા, કુબેરનગર, જામજોધપુર, નાહિયેર, બોરસદ, ભૂજ, ભરૂચ અને ધોલેરા વગેરે છ ધામના સંતોએ સુંદર વચનામૃતનો મર્મ સમજાવ્યો હતો. ૨૦૦ જેટલા સંહિતાપાઠી સંતો-ભક્તો અને ઋષિકુમારોએ વચનામૃતના પાઠ કર્યા હતા.




પ.પૂ.શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી
લોયાધામ



પ.પૂ.શ્રી નીલકંઠચરણદાસજી સ્વામી
જેતપુર



પ.પૂ.શા.શ્રી માધવપ્રિયદાસજી સ્વામી
(એસ.જી.વી.પી.છારોડી)



પ.પૂ.શા.શ્રી નૌતમપ્રકાશદાસજી સ્વામી
વડતાલ ધામ



પ.પૂ.સદ્.શ્રી ધર્મવલ્લભદાસજી સ્વામી
વેડરોડ, સુરત.



પ.પૂ.શ્રી સત્સંગભૂષણદાસજી સ્વામી
કણભા







સંહિતાપાઠી સંતો

સંહિતાપાઠી સંતો




ઋષિકુમારો - ભક્તો



વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવમાં પધારેલ
સંપ્રદાયના ૧૭૦૦ જેટલાં સંતો-પાર્ષદો



ઋષિકુમારો - ભક્તો





## વડતાલ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજના શુભાશિષ



આ દિવ્ય વડતાલધામ મહારાજની રમણભૂમિ છે. એમાં ઉજવાતા આ મહોત્સવની શોભા પાયાના પથ્થરરૂપી સ્વયંસેવકોને લઈને છે, એને અમે અભિનંદન આપીએ છીએ. ઉતારાથી માંડીને, સભામંડપ, ભોજનાલય, પ્રદર્શન, પાર્કિંગ, સફાઈ વગેરે વિભાગોમાં સંતો-ભક્તોએ જીવ રેડીને સેવા કરી છે. એ બધાને અમે લાખ-લાખ ધન્યવાદ આપીએ છીએ.

વચનામૃત મહોત્સવ ઉજવવાનો મૂળ હેતુ મહારાજની આજ્ઞા, રુચિ, અભિપ્રાય, સિદ્ધાંતોને વચનામૃતનાં રહસ્યો જેવી બાબતોને ઉજાગર કરવાનો છે.

જે કાર્ય મહારાજનું હોય તે એમાં મહારાજ હાજર જ હોય, તેથી આ મહોત્સવમાં સ્વામિનારાયણ ભગવાન સાક્ષાત હાજર છે. ભગવાને કૃપા કરીને જે વચનામૃત આપ્યું છે. તે આપણી માતૃભાષામાં છે. વળી તેને સમજાવી શકે એવા આપણી પાસે ૧૨૦૦ જેટલા વિદ્વાન સંતો છે. ફક્ત ગુજરાત નહીં, ભારત જ નહીં. પરંતુ સમગ્ર દુનિયામાં વચનામૃતનું આ ગહન જ્ઞાન આ મહોત્સવ થકી ઉજાગર થશે.

આ મહોત્સવનો જે માહોલ સર્જાયો છે. તેના સર્જક આપણા સૌના પ્રાણઆધાર શ્રી હરિકૃષ્ણ મહારાજ છે તથા તેમની નિષ્ઠાવાળા આપ સહુ સંતો-ભક્તો છો. આ મહોત્સવ જેને અંતકાળે યાદ આવશે એનું કલ્યાણ થઈ જશે.

## કથામૃતનું રસપાન કરતો વિશાળ ભક્ત સમુદાય




# દિવ્ય-ભવ્ય સંત સંમેલન




## આજ મારે ઓરડે રે...

આ જ સંમેલનમાં કુંડળધામ દ્વારા નિર્મિત સાક્ષાત્ શ્રીહરિજીનો અનુભવ કરાવતું "આજ મારે ઓરડે રે" શ્રી સ્વામિનારાયણ ફિલ્મ 3D એનિમેશનનું વિમોચન પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજના હસ્તે થયું હતું.







આ મહા મહોત્સવમાં તા. ૦૮-૧૧-૨૦૧૯ના રાત્રિ કાર્યક્રમમાં ભવ્ય સંત સંમેલન થયું હતું. તેમાં વડતાલ, ગઢપુર, જૂનાગઢ, ધોલેરા, અમદાવાદ, ભૂજ, મૂળી વગેરે ધામોથી ૬૦૦ ઉપરાંત સંતો પધાર્યા હતા. સંમેલનના પ્રારંભમાં સંપ્રદાયના સંગીતજ્ઞ સંતોએ સમૂહમાં ક્લાસિકલ ધૂન, પ્રાર્થના, કીર્તન, નૃત્ય, યોગા કર્યા હતા.



પૂ. શાસ્ત્રીજી સ્વામીનું સન્માન



## વચનામૃત ભાવદર્શન

શ્રી વચનામૃત દ્વિશતાબ્દિ મહોત્સવમાં અતિ ભવ્ય પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનું ઉદ્‌ઘાટન મહોત્સવ પૂર્વે તા. ૨૫-૧૦-૨૦૧૯ના થયું હતું. રાજકોટ ગુરુકુલ પરિવારના પ.પૂ.સદ્. શ્રી ધર્મવલ્લભદાસજી સ્વામીની આજ્ઞાથી પૂ. શ્વેતવૈકુંઠદાસજી સ્વામી વગેરે સુરત ગુરુકુલના સંતો-ભક્તોએ વચનામૃત ભાવદર્શનની અદ્‌ભૂત સેવા સંભાળી હતી.

ગોમતીજીના પવિત્ર કિનારે સભામંડપની સામે ૬ લાખ સ્કે. ફૂટમાં વચનામૃત પ્રદર્શન. જેમાં નાના-મોટા ૨૦ સ્ટેજ, પાંચ અવનવા ઓડીટોરિયમમાં પ્રેરણાદાયી શો, હોલોગ્રાફી, મેપિંગ શો, આબેહુબ દાદાખાચરનો દરબાર ગઢ, મનોરંજન નગરી, કાલીદત્તવધ (૩ડી ફિલ્મ), સાયન્સ સીટી. કુંડળધામ નિર્મિત "જય જય વચનામૃતમ્" ફિલ્મમાં ગઢપુર, વડતાલ અને અમદાવાદનું ૧-૧ વચનામૃતમાં સાક્ષાત શ્રીજી મહારાજની અમૃતવાણી સાંભળવાનો અલભ્ય લ્હાવો તથા ૮૦ ફૂટની વિશાળ સ્ક્રીન સાથે સુરત ગુરુકુલના ૧૫૦ વિદ્યાર્થી કલાકારો દ્વારા શ્રી સ્વામિનારાયણ ભગવાનનાં જીવનચરિત્રને પ્રદર્શિત કરતો ૪૫ મિનિટનો લાઈટ એન્ડ સાઉન્ડ શો પ્રદર્શનનું અદ્‌ભૂત આકર્ષણ હતું.

## પ્રદર્શન વિભાગ



## દાદાખાચરનો દરબાર ગઢ








## વિરાટ વચનામૃત પૂજન





## વિરાટ વચનામૃતની વિશેષતાઓ

- ગ્રંથની ઉંચાઈ : ૫૧ ફૂટ
- ગ્રંથનું વજન : ૧૮,૦૦૦ કિલો
- મોતીનો હાર : ૨૦૦ મણ
- દંડવત્ : ૫.૧૦ લાખ
- પ્રદક્ષિણા : ૩.૨૫ લાખ
- યજ્ઞ આહુતિ : ૧૧ લાખ
- ગ્રંથરાજનું પૂજન : વિવિધ ધાન્ય અને ફુલપાંદડી - ૫૦૦ મણ
- નૃત્ય સાથે સંકીર્તન : ૯૨ કલાક
- સ્ત્રી ભક્તો દ્વારા જળાભિષેક : ૨.૨ લાખ જળની લોટી
- પ્રત્યક્ષ પૂજનનો લાભ : ૩.૪૪ લાખ ભક્તો
- ગ્રંથનિર્માણ : સુરત ગુરુકુલ
- મહત્તા : હસ્તલિખિત ગ્રંથના ફોન્ટમાંથી નિર્મિત ૫૧ X ૭૬ ફુટનું વચનામૃત



## અખંડધૂન



વિરાટ વચનામૃત ખંડની બાજુમાં પૂ. ભીખાભાઈ વડદલા (ભગતજી) પરિવારના ભક્તજનોએ ૭ દિવસ-રાત્રિ શ્રી સ્વામિનારાયણ મહામંત્રની અખંડધૂન કરી હતી.

## ૨૦૦ કુંડી મહાવિષ્ણુયાગ

વડતાલધામમાં યોજાયેલ **‘વચનામૃત દ્વિશતાબ્દિ મહોત્સવ’**માં વિશ્વશાંતિ અને પર્યાવરણની રક્ષા માટે પંચદિનાત્મક ૨૦૦ કુંડી મહાવિષ્ણુયાગનું આયોજન કર્યું હતું.

આ દિવ્ય યજ્ઞની અનુપમ સેવા શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ **SGVP** છારોડીના પ.પૂ.સદ્.શા. શ્રી માધવપ્રિયદાસજી સ્વામીની પ્રેરણાથી પરમપવિત્ર પ.પૂ.સદ્. પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામીએ સંભાળી હતી.

આ યજ્ઞશાળાના નિર્માણમાં ૨૦૦ ટન માટી, ૨૦૦૦ ઈંટો, ૧૫ ટ્રેક્ટર ગાયોનું છાણ અને સિમેન્ટના બ્લોક વપરાયા હતા. તેમજ યજ્ઞમાં ૨૫૦ બ્રાહ્મણો અને ૧૫૦૦ ઉપરાંત ભક્તો દ્વારા ૨૦૦૦ મણ લાકડાં, ૨૫૧ મણ સામગ્રી, ૩૦૦૦ નંગ ગાયના છાણા, ૫૦ મણ પૂજા સામગ્રી, ૫૦૦ ઉપરાંત શ્રીફળ વગેરે દ્વારા લાખોની સંખ્યામાં ઘીની આહૂતિઓ અપાઈ હતી.







## હરિભક્તોના ઉતારાનું ભવ્ય દર્શન

૧૨૫ વીઘામાં અલગ અલગ કેપીસીટીના ૨૫૦૦ ઉપરાંત ટેન્ટમાં ૪૫૦૦૦ ઉપરાંત હરિભક્તોની રહેવાની વ્યવસ્થા, વડતાલની આસપાસના ગામો અને શહેરોમાં ૫૦૦ ઉપરાંત ભક્તોનાં ઘરો - ફ્લેટોમાં વ્યવસ્થા. વી.આઈ.પી., વી.વી.આઈ.પી. માટે ૧૦૦૦ રૂમની વ્યવસ્થા.

પ.પૂ.શા. શ્રી નીલકંઠચરણદાસજી સ્વામી - કલાકુંજ, સુરતના સંતો-ભક્તોના અનુપમ અવર્ણનીય અથાગ પરિશ્રમથી ઉતારાની સુચારુ વ્યવસ્થા આધુનિક ઢબથી થઈ હતી.

## વચનામૃતના સંપાદક સદ્‌ગુરુ સંતોનું ભાવપૂજન



સદ્. શ્રી મુક્તાનંદ સ્વામીનું ભાવપૂજન



સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામીનું ભાવપૂજન



સદ્. શ્રી નિત્યાનંદ સ્વામીનું ભાવપૂજન



સદ્. શ્રી શુકાનંદ સ્વામીનું ભાવપૂજન

## વચનામૃત ભોજનાલય

આ મહામહોત્સવની અંદર ૧૫ લાખથી વધુ ભક્તોએ મહાપ્રસાદ ગ્રહણ કર્યો હતો. આ મહોત્સવમાં ૭૦૦૦ ડબા તેલ, ૧૮૦૦૦ કિલો ઘી, ૬૦૦૦૦ કિલો ખાંડ, ૨૦૦૦ કિલો લોટ એક ટાઈમમાં, ૨૫૦૦ મણ શાક દૈનિક, ૨૦૦૦ મણ ચોખા, ૧૨૦૦ મણ તુવેરદાળ, ૧૦૦૦૦ લિટર છાશ દરરોજ, ૧૫૦૦ લિટર દૂધ દરરોજ વગેરે સીધા સામગ્રી વપરાઈ હતી. ભક્તજનો માટે સવારના ૬:૦૦ વાગ્યાથી રાત્રિના ૧૧:૦૦ સુધી સતત પ્રસાદાલય ખુલ્લુ રહેતું, સંતોના માર્ગદર્શન મુજબ ૪૦૦૦ ઉપરાંત સ્વયંસેવકો વેડરોડ, ધ્રાંગધ્રા, કુંડળ, કણભા, કંડારી, અમરેલી, અમરોલી વગેરે ગ્રુપના સેવા કરતા હતા.





# ટાઇટેનિયમ વચનામૃત ગ્રંથનો અભિષેક

શ્રી ગોમતીજીના જળમધ્યે તરતાં ૪૦ X૧૦૦ ફૂટનાં ભવ્ય સ્ટેજ પર શ્રી સ્વામિનારાયણ મંદિર કુંડળ ધામ દ્વારા નિર્મિત ટાઈટેનિયમ ધાતુ પર કંડારાયેલ વચનામૃતનું મહારાજશ્રી અને સંપ્રદાયનાં અગ્રગણ્ય સંતો દ્વારા પંચામૃત અને વિવિધ પ્રકારનાં ફ્રુટ્સના જ્યુસથી અભિષેક કરવામાં આવ્યો હતો.



પ.પૂ. સદ્. શ્રી જ્ઞાનજીવનદાસજી સ્વામીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર કુંડળધામ દ્વારા નિર્મિત ટાઈટેનિયમ વચનામૃતનું વડતાલ ધામને ૩૦૦૦ કિલો ડ્રાયફ્રુટથી મહા અભિષેક કરીને અર્પણ કરવામાં આવ્યું હતું.









કુબેરનગર-સુરતના યુવકો દ્વારા અદ્ભુત રીતે ઉજવાયેલ "વંદે વચનામૃતમ્" નૃત્ય

# વચનામૃત ગ્રન્થરાજની સુવર્ણતુલા અને રજતતુલા








## મહાનુભાવો



મહામહિમ રાજ્યપાલ
આચાર્ય દેવવ્રતજી (ગુજરાત રાજ્ય)



માનનીય મુખ્યમંત્રી
શ્રી વિજયભાઈ રૂપાણી (ગુજરાત રાજ્ય)



શ્રી નિતીનભાઈ પટેલ
ડેપ્યુટી સી.એમ. (ગુજરાત રાજ્ય)



શ્રી રજત શર્મા - ઈન્ડિયા ટીવી
ચીફ એડિટર એન્ડ ઓનર



પૂ. શાસ્ત્રીજી સ્વામી
ગુરુકુળ હરિયાળા



આચાર્યશ્રી અવિચલદાસજી મહારાજ
સત્કેવલ ગુરુગાદી -સારસા




મહામંડલેશ્વર
પૂ. વિશ્વંભરભારતી બાપુ-જૂનાગઢ



શ્રી મુક્તાનંદબાપુ
ચાંપરડા



શ્રી દિલીપદાસજી મહારાજ
જગન્નાથમંદિર, અમદાવાદ



શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા
શિક્ષણમંત્રી



શ્રી ધીરૂભાઈ ગોહેલ
મેયરશ્રી - જુનાગઢ



શ્રી ગોવિંદા
ફિલ્મ એક્ટર







(૧-૫) વડતાલધામને આંગણે ઉજવાયેલ ''શ્રી વચનામૃત દ્વિશતાબ્દિ મહોત્સવ'' અંતર્ગત શ્રી વચનામૃત ગેટનું ઉદ્‌ઘાટન, દિવ્ય ચિરસ્મરણીય દિપોત્સવ, બાલ-બાલિકા શિબિર દીપ પ્રાગટ્ય, સંતોના વંડામાં નૂતન નિર્માણ પામેલ મંદિરમાં શ્રી હનુમાનજીની પ્રાણ પ્રતિષ્ઠા અને ભક્તજનોને પ્રસાદની લ્હાણી. (૬) લોયાધામમાં શ્રી ઘનશ્યામ મહારાજના ૧૫માં પાટોત્સવ પ્રસંગે આશીર્વચન આપતાં પૂ. શાસ્ત્રીજી સ્વામી.




























(૧) ગુરુકુળ હરિયાળામાં ઉજવાયેલ અન્નકુટોત્સવ (૨) કુંડળધામમાં સંતશિબિર-૨૨માં લાભ આપતાં પૂ. શાસ્ત્રીજી સ્વામી (૩) શ્રી વચનામૃત પદયાત્રા (વડતાલ)કરતાં ગુરુકુળ હરિયાળાના સંતો અને ધોરણ ૯-૧૦-૧૧-૧૨ના વિદ્યાર્થીઓ (૪) સુરત-મોટાવરાછા શ્રીહરિદર્શન બંગ્લોઝમાં સાવલિયા પરિવાર (આંબા)ના સુંદર હરિમંદિરમાં દ્વિમાસિક સત્સંગ સભાનો લાભ આપતા પૂ. સ્વામીશ્રી (૫-૭) શ્રીકાંતિભાઈ ભોરણીયા - મોરબી, શ્રી દિપકભાઈ સુતરીયા - સુરત, અડાજણ અને શ્રી લાલજીભાઈ સાવલીયા - વાપીના નિવાસસ્થાને મહાપૂજા પ્રસંગે આશિષ આપતાં પૂ. શાસ્ત્રીજી સ્વામી (૮) વડતાલધામમાં પૂછપરછ વિભાગના સ્વયંસેવકો સાથે પૂ. સ્વામીશ્રી (૯) સલવાવ-વાપી ગુરુકુલની મુલાકાત લેતા પૂ. સ્વામીશ્રી (૧૦) શ્રી કાંતિભાઈ કોઠીયા અને શ્રી જયેશભાઈ દેસાઈ - નવસારી (૧૧-૧૨) કંડારી ગામ અને વરણામા ગામમાં કથાવાર્તાનો લાભ આપતાં પૂ. ઋષિકેશ સ્વામી અને પૂ. શ્રીજીપ્રિયસ્વામી.












(૧ - ૩) વડતાલધામ તાબાનું વડોદરા શહેરને આંગણે નવનિર્માણ પામેલ આરસપહાણનું બેનમૂન નયનરમ્ય શિખરબધ્ધ મંદિરમાં બિરાજમાન શ્રી ઘનશ્યામ પ્રભુ, મંદિર અને મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ (૪) શ્રી સ્વામિનારાયણ મંદિર ભૂજ દ્વારા ઉજવાયેલ ''શ્રી વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ''માં ભૂજ મંદિરના મહંત સ્વામી સાથે વડતાલધામના ચેરમેનશ્રી, કોઠારીશ્રી, પૂ. નૌતમસ્વામી, પૂ. બાપુસ્વામી, પૂ. શાસ્ત્રીજી સ્વામી આદિક સંતો (૫) દિક્ષાધામ પીપલાણામાં ઉજવાયેલ વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવમાં આશીર્વાદ આપતાં પૂ. શાસ્ત્રીજી સ્વામી.

RNI No. Guj Guj-2011/39098 Postal Regd. No.G-KDA-63/-2015 To 2020 DATE OF PUBLICATION 15-12-2019



શ્રી હરિકૃષ્ણ મહારાજ



પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્ય
શ્રી રાકેશપ્રસાદજી મહારાજ



પૂ. ગુરુજી



પૂ.શાસ્ત્રીજી સ્વામી

શ્રી વચનામૃત દ્વિશતાબ્દી પર્વે
ગુરુકુળ હરિયાળા
આયોજીત મોટાવરાછા - સુરત
શહેરને આંગણે

## દિવ્ય શાકોત્સવ

**તા.૨૯-૧૨-૨૦૧૯**
**રવિવાર**

સમય : સાંજે ૪ થી ૭

**શુભસ્થળ**

કુમકુમ ફાર્મ, ગોકુલધામ સોસાયટીની સામે
તાપી કાંઠે, રીવરવ્યુ હાઇટ્સ પાછળ
અબ્રામા રોડ, મોટાવરાછા, સુરત

**સંપર્ક**

શ્રી ભરતભાઈ શેખડા - ૯૩૭૭૭ ૪૦૬૬૬
શ્રી પંકજભાઈ ધાનાણી - ૯૯૨૫૦ ૪૨૩૦૬
શ્રી મિતેષભાઈ ભેંસાણીયા - ૯૭૨૭૭ ૭૬૫૭૬
શ્રી રસિકભાઈ ડોબરીયા - ૯૯૨૫૪ ૯૬૭૬૩

શ્રી વચનામૃત દ્વિશતાબ્દી પર્વે
ગુરુકુળ હરિયાળા આયોજીત
ખોખડદડ-રાજકોટને આંગણે

## દિવ્ય ભવ્ય શાકોત્સવ

અ.નિ.શ્રી નરશીભાઈ ખુંટ તથા
અ.નિ.શ્રી કુંરજીભાઈ ખુંટની પવિત્ર સ્મૃતિમાં

**તા.૫-૦૧-૨૦૨૦ રવિવાર**

સમય : સાંજે ૪ થી ૭
પ્રેરક પ.પૂ.સદ્. શ્રી ભક્તિજીવનદાસજી સ્વામી

**યજમાનશ્રી**

શ્રી હિરાભાઈ કુંરજીભાઈ ખુંટ
શ્રી મનસુખભાઈ કુંરજીભાઈ ખુંટ

**શુભસ્થળ**

સેલીબ્રેશન ટ્રી પાર્ટી લોન્સ,કોઠારીયા રોડ
રિવરસાઇટ સ્કુલની પહેલા, રાજકોટ

**સંપર્ક**

શ્રી ચિરાગભાઈ ખુંટ - ૯૯૨૪૦ ૮૨૪૮૪
શ્રી અમિતભાઈ - ૯૯૦૪૩ ૨૨૬૨૩
શ્રી ઘનશ્યામભાઈ - ૯૬૬૨૫ ૦૦૦૦૫



શ્રી વચનામૃત દ્વિશતાબ્દી પર્વે
શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ
હરિયાળા-ખેડાને આંગણે

## દિવ્ય શાકોત્સવ

અધ્યક્ષ : પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય
શ્રી રાકેશપ્રસાદજી મહારાજ - વડતાલધામ

**તા. ૧૨-૦૧-૨૦૨૦ રવિવાર**
**સમય : સવારે ૯:૦૦ થી ૧૨:૦૦**

પ્રેરક:પ.પૂ.સદ્.શા.શ્રી ભક્તિજીવનદાસજી સ્વામી

સંપર્ક : ૯૨૨૭૬ ૦૦૭૯૧-૯૨-૯૩

Print Line, Editor:Swami Shriji Priyadasji, Printer & Publisher:Bhakti Jeevandasji Swami, Owner:Shri Swaminarayan Gurukul,Printed at Bindiya Enterprise,Gandhi Chowk Bazar, Kheda and Published from Parbrahma Vidya Karyalaya, Shri Swaminarayan Gurukul, At Hariyala., Tal & Dist. Kheda, Gujarat.